R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

Since 1924...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 19 • PAGES : 40 • MUMBAI • DATE : 5TH AUGUST 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD Fire Protect Limited**
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications




www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી

આ અંકના અતિથી સંપાદક તરીકે શ્રી રમેશ મુલજી લોડાયા-ભરૂડિયા (મુલુંડ)નો લેખ પ્રકાશિત છે.



**– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150**

# આજે નહીં જાગીએ તો કાલે મોડું થશે... ઘટતી વસ્તી સમાજના ભાવિ સામેનો મૌન પડકાર

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ વેપાર, શિક્ષણ, સંસ્કાર, સેવાભાવ અને ધાર્મિક મૂલ્યોના બળે ગૌરવપૂર્ણ ઈતિહાસ રચ્યો છે. પરંતુ આજે સમાજ એક એવા પડકાર સામે ઊભો છે, જેને અવગણવાની ભૂલ આપણે કરી શકીએ તેમ નથી અને તે છે ''ઘટતી વસ્તી અને વૃદ્ધિમાન સમાજ.''

ઉપલબ્ધ આંકડાઓ દર્શાવે છે કે સમાજમાં દર વર્ષે આશરે ૬૦ જેટલા જન્મ સામે ૩૦૦થી વધુ મૃત્યુ થાય છે. જન્મદરની માહિતી કદાચ સંપૂર્ણ ચોક્કસ ન હોય, છતાં એક હકીકત સ્પષ્ટ છે કે જન્મ કરતાં મૃત્યુ અનેકગણા વધારે છે. સમાજના લગભગ ૬૦% સભ્યો ૪૦ વર્ષથી ઉપર છે, જ્યારે બાળકો અને યુવા પેઢીનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે.

કોઈપણ સમાજ કે દેશની વસ્તી લાંબા ગાળે સ્થિર રહે તે માટે કુલ પ્રજનન દર (Total Fertility Rate-TFR) સરેરાશ ૨.૧ જરૂરી માનવામાં આવે છે. હાલમાં ભારતનો TFR આશરે ૧.૯ સુધી ઘટી ગયો છે. જૈન સમાજનો TFR ભારતમાં સૌથી નીચામાંનો એક (આશરે ૧.૬) છે અને તેમાં આપણી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનો અંદાજિત TFR કદાચ તેનાથી પણ ઘણો નીચો હોઈ શકે છે. આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો યુવા પેઢી ઘટશે, વૃદ્ધોની સંખ્યા વધશે અને સમાજનું વસ્તી સંતુલન સતત બગડતું જશે. આ માત્ર આંકડાઓ નથી; આ સમાજના ભાવિનું પ્રતિબિંબ છે.

આ સ્થિતિ એક દિવસમાં ઊભી થઈ નથી. ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી, મોડાં લગ્ન, મોંઘવારી, સંતાનોના શિક્ષણ અને આરોગ્યનો વધતો ખર્ચ, ન્યુક્લિયર પરિવાર, શહેરી જીવનશૈલી અને આર્થિક અસુરક્ષા જેવા પરિબળો યુવાનોને નાના પરિવાર તરફ દોરી ગયા છે. આ વિકાસનું ચિહ્ન છે, પરંતુ તેના લાંબા ગાળાના પરિણામો પર પણ વિચાર કરવો જરૂરી છે. જે રીતે સમાજે દાયકાઓ પહેલાં શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી અને આજે તેનું ફળ સમગ્ર સમાજ ભોગવી રહ્યો છે, તેવી જ દીર્ઘદૃષ્ટિ હવે વસ્તી સંતુલન માટે અપનાવવાની જરૂર છે.

વિશ્વ આપણને ચેતવણી આપી રહ્યું છે. જાપાન આજે વૃદ્ધિમાન વસ્તી અને ઘટતા જન્મદરના ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે. ચીન, જેણે ક્યારેક એક સંતાનની નીતિ અપનાવી હતી, તે આજે વધુ સંતાન માટે પ્રોત્સાહન આપી રહ્યું છે. પ્રશ્ન એ છે કે શું આપણે તેમના અનુભવમાંથી સમયસર બોધપાઠ લઈશું કે પછી એ જ પરિસ્થિતિની રાહ જોઈશું?

એક સમય એવો હતો જ્યારે વિવિધ સામાજિક કારણોસર સમાજની સંખ્યામાં બહારથી પણ વધારો થતો હતો, પરંતુ આજે એવો માર્ગ લગભગ બંધ થઈ ગયો છે. તેથી હવે સમાજનું ભવિષ્ય મુખ્યત્વે પોતાની નવી પેઢી પર જ આધારિત છે.

આ પ્રશ્નનો ઉકેલ માત્ર વધુ સંતાનની અપીલમાં નથી. યુવા દંપતીઓમાં વિશ્વાસ, સુરક્ષા અને અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં છે. સમાજે એવો આધાર આપવો જોઈએ કે પરિવાર વધારવાનો નિર્ણય તેમને ભારરૂપ નહીં, પરંતુ આશ્વાસનરૂપ લાગે.

આજે ધર્મગુરૂઓ, સમાજના આગેવાનો, મહાજન, ટ્રસ્ટો અને યુવા સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ સમાજ પર સંકટ આવ્યું છે ત્યારે મહાજન અને આગેવાનોએ માર્ગદર્શન આપ્યું છે. આજે પણ તેઓ સમાજને નવી દિશા આપી શકે છે. ધર્મગુરૂઓ પરિવારજીવન, સમયસર લગ્ન, સંતાન પ્રત્યે સંતુલિત દૃષ્ટિકોણ અને

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૧૯, તા. ૦૫-૦૮-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

જૈન સંસ્કારોના સંવર્ધન માટે પ્રેરણા આપી શકે. મહાજન અને ટ્રસ્ટો યુવાનોના પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખી નવી પહેલ કરી શકે.

સમાજે હવે નીચેના મુદ્દાઓ પર ગંભીરતાથી કાર્ય કરવું જોઈએ

- સમયસર અને સરળ લગ્નને પ્રોત્સાહન.
- લગ્ન ખર્ચ ઘટાડવા સમાજવ્યાપી અભિયાન.
- શિક્ષણ, સ્કોલરશિપ અને આરોગ્ય સહાયને વધુ મજબૂત બનાવવી.
- યુવા દંપતીઓ માટે આવાસ, રોજગાર અને વ્યવસાય સહાયની યોજનાઓ વિકસાવવી.
- સંતાન ઉછેરમાં સહાયરૂપ સામાજિક માળખું ઊભું કરવું.
- પરિવારજીવન, સંસ્કાર અને સમાજના ભાવિ અંગે સતત જાગૃતિ અભિયાન ચલાવવું.

માત્ર દેરાસરો, મહોત્સવો કે ધાર્મિક કાર્યક્રમોથી સમાજ જીવંત રહેતો નથી; ધર્મ અને સંસ્કૃતિને આગળ ધપાવનાર નવી પેઢી હશે ત્યારે જ તેનું સાચું સંવર્ધન શક્ય બને છે.

આપણે એ પણ સમજવું પડશે કે સમાજનું ભવિષ્ય માત્ર ભવ્ય દેરાસરો, મહોત્સવો અને ધાર્મિક આયોજનોમાં નથી. સમાજનું સાચું ભવિષ્ય તો આવતી પેઢીના ઉછેરમાં, શિક્ષણમાં, સંસ્કારમાં અને તેમની સંખ્યામાં વસેલું છે. ચાતુર્માસ, મહોત્સવો અને અન્ય ધાર્મિક આયોજનોના ખર્ચનો એક હિસ્સો જો શિક્ષણ, આરોગ્ય, યુવા સહાય અને ભાવિ પેઢીને મજબૂત બનાવવામાં વળે, તો તે સૌથી મોટું સામાજિક અને ધાર્મિક રોકાણ ગણાશે.

આ લેખનો હેતુ ભય ફેલાવવાનો નથી; સમયસર ચેતવણી આપવાનો છે. આજે આપણે જે નિર્ણય લઈશું તેની અસર આગામી ૨૦-૨૫ વર્ષ પછી દેખાશે. જો આજે મૌન રહીશું તો કદાચ આવતી પેઢી આપણને પૂછશે કે સમયસર ચેતવણી મળી હતી, છતાં આપણે શું કર્યું?

સમાજો એક જ દિવસે વિલીન થતા નથી; તેઓ ત્યારે ક્ષીણ થવા લાગે છે જ્યારે ચેતવણી હોવા છતાં સમાજ મૌન રહે છે.

આજે વિચારવાનો સમય પૂરો થયો છે. હવે સંકલ્પ કરવાનો સમય છે. અને સમાજના ભાવિ માટે સાથે મળીને કાર્ય કરવાનો સમય પણ હવે જ છે.


**શ્રી રમેશ મુલજી લોડાયા**

**ભરૂડિયા (મુલુંડ)**

**મો. ૯૮૨૦૩૩૬૭૬૭**




## ચાતુર્માસ પ્રસંગે મહારાજ સાહેબો (ગુરુ ભગવંતો)ના પ્રવેશ તથા પર્યુષણ પર્વની ઉજવણીના સમાચારો ફોટોગ્રાફ તથા વિડીઓ મોકલવા વિનમ્ર નિવેદન

ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વિવિધ સંઘોમાં પૂજ્ય મહારાજ સાહેબો (ગુરુ ભગવંતો)નો પ્રવેશ ઉત્સવ આનંદપૂર્વક ઉજવાયો. ચાતુર્માસ દરમ્યાન તપ - આરાધના થશે તથા પૂજ્યશ્રીઓના વ્યાખ્યાનો પણ યોજાશે. આવા ધર્મમય ચાતુર્માસ દરમ્યાન પયુર્ષણ પર્વની પણ ઉજવણી થશે.

બધા મહાજન અને દેરાસર ટ્રસ્ટોને વિનંતી છે કે તેઓ મહારાજ સાહેબ (ગુરુ ભગવંતો)ના પ્રવેશના સમાચાર ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષામાં મફત પ્રકાશન માટે વહેલી તકે kdoprakash@gmail.com ઉપર મોકલાવે. વેબસાઇટ અને પ્રકાશ વિડિઓ મેગેઝિન પર અપલોડ કરવા માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઈમેઇલ આઈડી પર પણ મોકલી શકો છો.

પર્યુષણ અને ચતુર્માસ ઉજવણીના સમાચાર, ફોટોગ્રાફ અને વિડિઓઝ પણ મોકલવા વિનમ્ર નિવેદન.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189



# કચ્છ દર્શન



ભાગ : ૬૭

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



સાન્યસ સેન્ટર - ભુજ

૨૬ જાન્યુઆરી ૨૦૦૧નાં રોજ ગુજરાત રાજયનાં કચ્છ જિલ્લામાં ૭.૬ મેઘનીટ્યુટ સ્કેલનાં ધરતીકંપે તાંડવનૃત્ય મચાવી, ૨૦૦૨૩ વ્યક્તિઓને સ્વધામ પહોંચાડ્યા કચ્છ, ગુજરાત, મુંબઈની હોસ્પીટલોમાં લગભગ ૧,૬૬,૦૦૦ ઘાયલોની સારવાર કરાવી. આ ધરતીકંપમાં નાના-મોટા ૪,૦૦,૦૦૦ મકાનો ધ્વંસ થયા.

ધરતીકંપનું ઉત્પન બિંદુ ભચાઉ તાલુકાનાં ચોબારી ગામમાં હતું. ત્યારનાં વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈને એવા કઠણ મનોબળ તેમજ દુરંદેશીવાળા વ્યક્તિની જરૂરત હતી જે કચ્છનાં લોકોનાં આસું લુછી, સાંત્વના આપી કચ્છને પ્રગતિનાં પાટે ચડાવે. તેમની નજર ઠરી નરેન્દ્ર મોદી પર જે તે વખતે સંઘના માનદ્‌મંત્રી હતા અને શ્રી એલ.કે. અડવાણીની રથયાત્રાનાં સંયોજક.

ગુજરાતમાં તે વખતે શ્રી કેશુભાઈ પટેલ મુખ્યપ્રધાન હતા, વર્ષ ઉંમર ૭૩, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ ૫૧ વર્ષના તરવરિયા યુવાન હતા. બાકી કચ્છની પ્રગતિનો ઈતિહાસ કચ્છ દર્શનનાં પાનામાંથી પસાર થતાં તમે વાંચ્યો જ હશે.

શ્રી નરેન્દ્ર મોદીનું એક સ્વપન હતું, કચ્છ પ્રત્યે તેમને અનહદ પ્રેમ હતો. કચ્છનાં વિકાસને હરણફાળથી પ્રગતિનાં પંથે લઈ જવા કાંઈક કરી છુટવાની તમન્ના હતી. તેઓ આ માટે સતત વિચારતા અને કચ્છમાં રહેલા એવા જ સેવાનાં ભેખધારીઓનાં સંપર્કમાં રહેતા. એવા એક ભેખધારી હતા શ્રી નલિન ઉપાધ્યાય.

શ્રી નલિન ઉપાધ્યાયે, શ્રી નરેન્દ્ર મોદીને કચ્છમાં પ્રવાસીઓ આકર્ષવા નવા તીર્થો સ્થાપનાની વિનંતી કરી જેથી સ્વયંબળે કચ્છમાં પ્રગતિનાં પગરણ મંડાય. આ બન્ને સ્વપન દ્રસ્ટાઓની ફળશ્રુતિ એટલે ભુજનાં ભુજિયા ડુંગર પર ''સાયન્સ સેન્ટર'' અને ''સ્મૃતિવન''.

સ્મૃતિવનમાં દુનિયા તેમજ કચ્છમાં આવતા ધરતીકંપોનો ઈતિહાસ ધરબાયેલો છે. આ વિષય પર વિસ્તારથી આવતા અંકોમાં.

સાયન્સ સેન્ટરનાં દરવાજે બસ આવી એટલે શ્રી નીતિનભાઈ ટિકીટ કઢાવવા નીચે ઉતર્યા. અહિંયા દરેક યાત્રિ દીઠ સામાન્ય દિવસોમાં રૂા. ૨૦/- અને શનિ-રવિ કે રજાનાં દિવસે રૂા. ૫૦/-ની ટિકિટ હોય છે. ટિકિટ કઢાવતાં જ દરવાને દરવાજો ખોલ્યો અને અમારી બસને અરજણભાઈએ મુખ્ય દરવાજા પાસે લાવી ઉભી રાખી.

આ સેન્ટર ૧૦ એકરની જમીન ઉપર વિકસાવવામાં આવ્યું છે. અહીં જુદી જુદી ૬ ગેલેરીઓ છે. જેમકે (૧) આકાશ અને ભુમંડળ, (૨) નૌકાસૈન્ય અને વહાણ વહેવાર, (૩) ઊર્જાશક્તિ, (૪) નાનો ટેકનોલોજી - મોટા પદાર્થનો એકદમ નાના બનાવવાની પ્રક્રિયા, (૫) બોનસાઈ-કૃત્રિમ રીતે ઠીંગરાવેલો છોડ, (૬) ફિલ્ડ મેડલ્સ- જુદા જુદા કાર્યક્ષેત્ર કે પ્રવૃત્તિક્ષેત્રમાં વિશેષ મેડલ પ્રાપ્ત કરનારા ભારતીયો વિશે પુરક માહિતિ.

અહીં દરેક ગેલેરીમાં નિષ્ણાત માર્ગદર્શન ને ખાસ પ્રશિક્ષણ આપી તૈયાર કરવામાં આવ્યા છે. જેથી યાત્રિકોનાં વિષયને લગતા કોઈ પણ સવાલનાં ઉત્તમ જવાબ આપી શકે.

વધુ આવતા અંકે...




અવકાશ ગેલેરીનું દ્રશ્ય

## વડીલોનું વિશ્વ

# સામાજિક અને સાંસ્કૃતિક સહભાગિતા સુખી અને સ્વસ્થ વૃદ્ધાવસ્થાની સાચી ચાવી

તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



વૃદ્ધાવસ્થાની વાત આવે ત્યારે આપણા મનમાં સૌથી પહેલાં કસરત, યોગ, ચાલવું, પૌષ્ટિક આહાર અને સમયસરની તબીબી સારવારનો વિચાર આવે છે. નિઃસંદેહ, આ બધું સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વભરમાં થયેલા સંશોધનો એક નવી અને અત્યંત રસપ્રદ વાત તરફ આપણું ધ્યાન દોરે છે. તે છે સામાજિક અને સાંસ્કૃતિક સહભાગિતા. અર્થાત, પરિવાર, મિત્રો અને સમાજ સાથે જોડાયેલા રહેવું, લોકો સાથે મળવું-બેસવું, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવો, નાટક, સિનેમા, સંગીત, કલા પ્રદર્શન, સંગ્રહાલય, પુસ્તકાલય કે ધાર્મિક સ્થળોની મુલાકાત લેવી. આ બધું માત્ર મનોરંજન નથી, પરંતુ સ્વસ્થ અને આનંદમય વૃદ્ધાવસ્થાનો એક મજબૂત આધારસ્તંભ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) પણ આજે સામાજિક જોડાણને સ્વસ્થ વૃદ્ધાવસ્થાના મુખ્ય આધારસ્તંભોમાં સ્થાન આપે છે. તેના જણાવ્યા મુજબ અર્થપૂર્ણ સંબંધો, સમાજમાં સક્રિય ભાગીદારી અને નિયમિત માનવીય સંપર્ક એકલતા ઘટાડે છે, માનસિક પ્રસન્નતા વધારે છે, આત્મવિશ્વાસ વિકસાવે છેઅને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરે છે.

તાજેતરમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ટોક્યો (જાપાન)ના સંશોધકોએ કરેલા એક દીર્ઘકાલીન અભ્યાસે આ માન્યતાને વધુ મજબૂત બનાવી છે. ૫૦ વર્ષથી વધુ ઉંમરની ૧,૮૯૯ વ્યક્તિઓના ૪,૨૦૭ અવલોકનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું. સંશોધનમાં જાણવા મળ્યું કે જે લોકો નિયમિત રીતે સિનેમા, સંગ્રહાલય, કલા પ્રદર્શન, નાટ્યગૃહ, સંગીત સમારંભો અને ઓપેરા જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા, તેમની શારીરિક (Physiological) ઉંમર તેમની વાસ્તવિક ઉંમર કરતાં ઓછી જોવા મળી.

શારીરિક ઉંમર એટલે જન્મથી થયેલી ઉંમર નહીં, પરંતુ શરીરના અંગો અને વિવિધ પ્રણાલીઓ કેટલી કાર્યક્ષમ રીતે કાર્ય કરે છે તેનું વૈજ્ઞાનિક માપ. આ માટે રક્તચાપ, ફેફસાંની કાર્યક્ષમતા, ચાલવાની ગતિ, હાથની પકડની શક્તિ, બોડી માસ ઇન્ડેક્સ (BMI), હિમોગ્લોબિન, કોલેસ્ટેરોલ અને બ્લડ સુગર સહિતના દસ મહત્વપૂર્ણ આરોગ્ય સૂચકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનનો સૌથી રસપ્રદ નિષ્કર્ષ એ હતો કે સાંસ્કૃતિક સહભાગિતાના ગુણાંકમાં દરેક એક પોઇન્ટના વધારાથી શારીરિક ઉંમરમાં સરેરાશ ૦.૦૮૫ વર્ષનો ઘટાડો જોવા મળ્યો. આવક, વ્યવસાય, ધૂમ્રપાન, શારીરિક પ્રવૃત્તિ અને અન્ય પરિબળોને ધ્યાનમાં લીધા પછી પણ ચાર વર્ષ સુધી આ લાભ યથાવત્ રહ્યો. આથી સ્પષ્ટ થાય છે કે સાંસ્કૃતિક જીવન માત્ર સમય પસાર કરવાનું સાધન નથી; તે આરોગ્યમાં રોકાણ છે.

આપણા ભારતીય જીવનમાં તો આવી તકો ભરપૂર છે. સવારે બગીચામાં મિત્રો સાથે ચાલવું, સત્સંગમાં જવું, ભજન-કીર્તન સાંભળવા સમાજના કાર્યક્રમોમાં હાજરી આપવી, પરિવારના મેળાવડામાં જોડાવું, વડીલ મંડળોમાં ચર્ચા કરવી, પુસ્તક વાંચવું, નાટક કે સિનેમા જોવું અથવા મંદિર-તીર્થની મુલાકાત લેવી, આ બધું મનને તાજગી આપે છેઅને જીવનમાં નવચેતના ભરે છે.

નિવૃત્તિ એટલે જીવનમાંથી નિવૃત્તિ નથી. હકીકતમાં તે જીવનના બીજા સોનેરી અધ્યાયની શરૂઆત છે. હવે સમયનો અભાવ નથી; તેથી વર્ષો સુધી અધૂરી રહી ગયેલી ઇચ્છાઓ પૂરી કરવાનો, નવા મિત્રો બનાવવાનો, નવી જગ્યાઓ જોવાનો, નવા વિષયો શીખવાનો અને સમાજને કંઈક પાછું આપવાનો આ ઉત્તમ સમય છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

આપણા સમાજમાં વડીલો અનુભવની જીવંત યુનિવર્સિટી છે. તેમના અનુભવ, માર્ગદર્શન અને પ્રેમથી અનેક પરિવારો અને યુવાનોને દિશા મળી શકે છે. જ્યારે વડીલો સમાજ સાથે જોડાયેલા રહે છે ત્યારે માત્ર તેમનું જ જીવન સમૃદ્ધ બનતું નથી, પરંતુ સમગ્ર સમાજ વધુ સંસ્કારી, સંવેદનશીલ અને મજબૂત બને છે.

આવો, દર અઠવાડિયે ઓછામાં ઓછો એક દિવસ પરિવાર અથવા મિત્રો સાથે કોઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લેવાનો સંકલ્પ કરીએ. કોઈ દિવસ પુસ્તકાલય જઈએ, કોઈ દિવસ નાટક કે સિનેમા જોઈએ, કોઈ દિવસ સંગ્રહાલય કે પ્રદર્શનની મુલાકાત લઈએ, તો કોઈ દિવસ માત્ર મિત્રો સાથે હળવી ચા-ચર્ચાનો આનંદ માણીએ. આવા નાના પગલાં જીવનમાં મોટા આનંદનું કારણ બની શકે છે.

વૃદ્ધાવસ્થા એ જીવનનો અંતિમ પડાવ નથી; તે અનુભવ, પરિપક્વતા, સ્વતંત્રતા અને જીવનને નવી રીતે માણવાનો સુવર્ણકાળ છે. શરીરની સાથે મનને પણ સક્રિય રાખીએ. ઘરની ચાર દિવાલોથી બહાર નીકળીએ, લોકો સાથે જોડાઈએ, હસીએ, શીખીએ, પ્રવાસ કરીએ, સંગીત માણીએ, કળાને વધાવીએ અને જીવનના દરેક દિવસને ઉત્સવ બનાવી દઈએ.

વિજ્ઞાન આજે જે વાત સાબિત કરી રહ્યું છે, આપણા પૂર્વજો વર્ષોથી તે જ શીખવતા આવ્યા છે, ''મળીએ, હળીએ, ભળીએ અને જીવનને ઉજવીએ.''

યાદ રાખીએ, કસરત શરીરને મજબૂત બનાવે છે. પૌષ્ટિક આહાર શરીરને પોષણ આપે છે. પરંતુ પ્રેમભર્યા સંબંધો, સાંસ્કૃતિક સહભાગિતા અને સમાજ સાથેનું જીવંત જોડાણ મનને સદાય પ્રફુલ્લિત, જીવનને અર્થપૂર્ણ અને હૃદયને ચિરયુવાન રાખે છે.

---

**વનિતા વિશ્વ**

# ઘડપણ (ગઢપણ) કોણે મોકલ્યું?


**- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345**

**E-mail : maltidharamsi@gmail.com**




ઘડપણ કોણે મોકલ્યું? એ સવાલ આજે જેટલો સતાવે છે એટલો જ ૧૫ મી સદીમાં જન્મેલા આધ્યકવિ નરસિંહ મહેતાને પણ સતાવેલ. તો ચાલો આજે યાદ કરીએ એ ગીતને અને એક નવું ભજન પણ છે ઘડપણ ઉપર જે બહુ ગવાય છે. જેના રચયિતા છે દિપ્તીબેન.

અને સાથે - સાથે '' ગઢપણ'' ઉપર આજનો લેખ.

**ઘડપણ (ગઢપણ) કોણે રે મોકલ્યું**

રચયિતા નરસિંહ મહેતા

ઘડપણ કોણે મોકલ્યું જાણ્યું જોબન રહે સૌ કાળ

- ઘડપણ- ટેક.

ઉંમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ,
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ.

ઘડપણ. ૧

નહોતું જોઇતું તે શીદ આવિયું રે, નહોતી જોઈ તારી વાટ,
ઘરમાંથી હળવા થયારે, એની ખૂણે ઢળાવોને એની ખાટ.

ઘડપણ. ૨

નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે શેવ,
રોજને રોજ જોઈએ રાબડીરે, એવી બળીરે ઘડપણની ટેવ.

ઘડપણ. ૩.

પ્રાતકાળે પ્રાણ માહરા રે, અન્ન વિના અકળાય;
ઘરના કહેછે મરતો નથી રે, તને બેસી રહેતા શું થાય.

ઘડપણ. ૪

દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દેછે ગાળ,
દિકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શારે હાલ.

ઘડપણ. ૫.

નવ નાડીઓ જૂજવી પડી રે, આવી પહોંચ્યો કાળ,
બૈરાંછોકરાં ફટ ફટ કરે રે, નાનાં મોટા મળી દે છે ગાળ.

ઘડપણ. ૬

આવી વેળા અંતકાળની રે, દીકરા પધાર્યા દ્વાર;
પાંસળીએથી છોડી વાંસળી રે, લઈ લીધી તેણીવાર.

ઘડપણ. ૭

એવું જાણી સૌ હરિ ભજો રે, સાંભળજો સૌ સાથ,
પર ઉપકાર કરી પામશો રે, જે કંઈ કીધું હશે જમણે હાથ.

ઘડપણ. ૮

એવું નફ્ટ છે આ વૃદ્ધપણું રે, મૂકી દો અહંકાર,
ધર્મના સત્ય વચન થકી રે, મહેતો નરસૈંયો ઊતર્યો ભવપાર.

ઘડપણ. ૯

## ગઢપણ કોણે રે મોકલ્યું?



ગઢપણ ગઢપણ ક્યાંથી આવ્યું ગઢપણ,
ખબર વિનાનું આવી જાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

આંખે દેખાય નહીં કાને સંભળાય નહીં..
લાકડી ના ટેકે ચલાય ગઢપણ ક્યાંથી આવ્યું ગઢપણ..
ગઢપણ ગઢપણ ક્યાંથી આવ્યું ગઢપણ...

મંદિર જવાય નય કીર્તન ગવાય નય
દાઢી ડગમગ થાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

નીચે સુવાય નય ગાદલું મંગાય નય
ખૂણામાં ખાટલી ઢળાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

રોટલો ચવાય નહીં શીરો મંગાઈ નહીં..
માગી એ તો જોયા જેવી થાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

દીકરાના દીકરા મારે મને ઠીકરા,
વહુ ને કાય નો કેવાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

રૂપિયા ઘણા છે બેંક માં પડ્યા છે
ચાવી વોવારુની પાસ ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

દીકરાની વહુ બોલે મને મેણલાં
ડોસીની ઠાઠડી જાય ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

યમના દૂતો મને લેવા આવે નહિ
આવે તો વૈકુંઠ જાવ ગઢપણ
ક્યાંથી આવ્યું ગઢપણ કોણે મેલુ ગઢપણ..

મનુષ્ય સ્ત્રી હોય કે પુરુષ હોય,જન્મ લે ત્યારે તે ખૂબ તાજગી ભર્યો, કિલબિલાટ કરતો, હસતો હસાવતો, કૂદતો રમતો,બચપણ વિતાવે છે. જવાનીમાં તો જોશીલો, થનગનાટ કરતો, મોટા મોટા સ્વપ્ન જોતો, અને એ સ્વપ્નોને પૂરા કરવા માટે પોતાની જવાની હોમી દેતો, પરિવાર અને મિત્રો વચ્ચે સંતુલન જાળવી રાખતું બધાને ખુશ રાખવાની મથામણ કરતા - કરતાં ક્યારે ઘડપણ આવી ગયું તે અંગે ધ્યાન પણ નથી આપતો.

પરંતુ હવે પહેલા જેવું શરીર ચાલતું નથી. બોલવાની, ચાલવાની, જોવાની, સાંભળવાની પ્રક્રિયાઓ ધીમી પડતી જાય છે. મન જવાન છે; મન ચંચળ છે એને હંમેશા એમજ લાગતું હોય છે હજી પણ આ બધું કામ ચપટી વગાડતા કરી લઈશ. પરંતુ નહીં; હવે બહુ જલ્દી કામ થતું નથી. શરીર થાકી રહ્યું છે. ક્યારેક બીમારીઓ પણ ઘેરી વળે છે.

અત્યાર સુધી જ્યારે આપણે સ્વસ્થ હતા, બધા કામ કરી રહ્યા હતા, બધાને મદદરૂપ થઈ રહ્યા હતા ત્યારે પરિવારમાં સૌને સારા લાગતા હતા. હવે આપણે ધીમે ધીમે અજાણતા જ અણમાનીતા થઈ જઇએ છીએ. કોઈને આપણી જરૂરત હોતી નથી. બધા પોતપોતાની દુનિયામાં રચ્યાપચ્યા હોય છે. જોકે એમાં સંતાનોને દોષ ન દઈએ. એમની વ્યસ્ત જિંદગીમાં એ પોતાના માટે પણ સમય નથી કાઢી શકતા.

સમય પર આપણને ખાવાનું મળી જતું હોય, દવા વગેરે લઈ આવીને દેતા હોય, અને સમય મળે ત્યારે આપણી પૂછા કરી લેતા હોય તો પણ આપણે ખૂબ નસીબદાર છીએ એમ માનવું. કમ સે કમ આપણને વૃદ્ધાશ્રમમાં નાખી દેવામાં નથી આવ્યા ને? આપણને તરછોડી નથી દીધા ને? એ લોકો આપણી આજુ બાજુ જ હોય છે. આપણા પૌત્ર - પૌત્રીઓ પણ આપણી સામે જ હોય, આપણી સાથે ટાઈમ પાસ કરવા આવે, આપણી નાની મોટી સેવા કરે તો એમાં જ આપણે આનંદ માણવાનો એનાથી વધારે જોઈએ શું? કેમ બરોબર ને? આપણે પણ શક્ય તેટલા શાંત રહીએ અને કોઈને ન નડીયે.

આપણે પ્રભુ ભક્તિ કરીએ, થોડી ઘણી કસરત કરીએ, ખાવા પીવામાં મર્યાદા રાખીએ તો જીવન જીવવું બહુ સુંદર, સરસ, અને સહેલું થઈ જાય. સૌના મન ગમતા બનીને રહીએ. તમારો અભિપ્રાય શું છે?

# શૈશવના સુખદ સ્મરણોની સફરે... !

મનુષ્ય જીવનની ત્રણ અવસ્થાઓ એટલે બાળપણ, યુવાની અને ઘડપણ. જેમાં સૌથી વધુ મૂલ્યવાન મુડી એટલે બાળપણ !

યુવાન અવસ્થામાં આપણા મનમાં વિચારો બદલાતી પરિસ્થિતિ સાથે સતત બદલાયા કરે છે. ઘડી પહેલાંનું હાસ્ય શોકમાં ફેરવાઈ જાય છે, આજે બાંધેલ સંબંધ કાલે વિચ્છેદ પામે છે. જુવાનીનો નશો માથે મંડરાય છે. કામ, ક્રોધ, મોહ, માયાને કારણે વાણી વર્તન અને વ્યવહાર બદલાય છે. આર્થિક ઉપાર્જન માટે આંધળુંકીયા કરતા જીવ સારા-નરસાના દરેક ભેદ વિસરી જાય છે.

વૃદ્ધાવસ્થામાં નાની - મોટી અનેક વ્યાધિઓનો શિકાર બનતા પરવશ બની જવાય છે. આર્થિક ઉપાર્જન સ્થગિત થયેલ હોવાથી ઘરના વડીલની લેશ માત્ર પરવા કરવામાં આવતી નથી. જો થોડી મુડી સંચય કરેલ હોય તો સંતાનો ભ્રમર માફક મધ મેળવવા મંડરાય છે અને ચૂસી લીધા બાદ વૃદ્ધાશ્રમ ભેગા કરી દેવાય છે, જ્યાં એ વડીલ પોતે જીવનભર કરેલ આવી ભૂલોને યાદ કરીને, સ્વને કોસતાં - કોસતાં આયખું પૂર્ણ કરી દે છે...!

બચપણ જેની આજે પણ એક ઝલક સુદ્ધાં યાદ આવે કે તનબદનમાં તરવરાટ પ્રસરી જાય છે, કારણ એ નિર્દોષ અવસ્થામાં કોઈ નાત-જાતના ભેદ નથી, કોઈની માટે જીવનભરના વેર નથી, કોઈ ઊંચ-નીચના ભાવ નથી, છે તો એક માત્ર નિજાનંદ અને મસ્તી !

બાળપણના એ દિવસોમાં, ઘોડીયા પર બાંધેલું રંગીન રમકડું પવનના સથવારે ગોળગોળ ફરતું અને હવામાં મધુર સુર છેડીને આપણને સંગીતની અનોખી અનુભૂતિ કરાવતું. પછી શાળાકીય અભ્યાસકાળ દરમિયાન નવા - નવા મિત્રો બનાવી, રીસેસમાં ભેગા મળીને ઘરેથી લાવેલ નાસ્તો વહેંચીને ખાવાનો આનંદ લૂંટતા.

ખો - ખો, પકડદાવ, લંગડી, સાંકળી જેવી રમતો દ્વારા શરીરને કસાયેલું બનાવતા. સાપસીડી, લયુડો, નવો વ્યાપાર, ચેસ, કેરમ જેવી રમતોમાં તો એવા મશગૂલ બની સમયનું ભાન જ ભૂલી જતા. ગંજીફાની વિવિધ રમતોમાં તો જાણે એકમેક સાથે રીતસરની હોડ લાગી હોય, એવું આચરણ કરતા. તો વળી ક્યારેક એ જ ગંજીફાથી મહેલ બનાવવામાં એવા એકાગ્ર બની જતાં કે એકલતામાં પણ આનંદનો આસ્વાદ આવતો.

રવિવાર કે રજાઓના દિવસે રસ્તા ઉપર ક્રિકેટ, લગોરી, ગિલ્લી - ડંડા, લખોટીઓની વિવિધ રમતોની મજા માણતા. તો વળી ક્યારેક સીગરેટના ખાલી ખોખા, ઠંડા પીણાંની બાટલીના બુચ, કોડીની રમતો, પોતાના કૌશલ્યથી ભમરડાને દોરીએ વિંટાળીને જમીન પર અને હાથમાં ફેરવીને અનોખો આનંદ માણી લેતા.

વેકેશનમાં જો આસપાસના વિસ્તારમાં સર્કસ આવેલ હોય તો તો પૂછ્યું જ શું ? આ બંદા તૈયાર પ્રાણીઓના અને કલાકારોના અવનવા કરતબો નિહાળીને ખુશ ખુશાલ...!

ક્યારેક આવતો બાવાજીનો બાયોસ્કોપ...તેમાં મોં નાખી વિવિધ સ્થળોની સફર માણી લેતા. કેલિડોસ્કોપમાં એ રંગીન કાચના ટુકડાઓ અત્યંત અભિભૂત કરતા અને જાદુગરના જાદુના ખેલોમાં તો ખોવાઈ જ જતાં !

અરે, પેલા આનંદમેળાને તો કેમ કરીને ભૂલી શકાય ? બુઢ્ઢીના બાલ, ચણીયા - મણીયા બોર, કમરખ , ડબ્બાની કુલ્ફી, રમકડાંના વાહનોમાં બેસીને પડાવેલા ફોટો, ગેસના ફૂગ્ગાઓ, ખોટી બંદૂકની ગોળીઓથી ફુગ્ગા ફોડવા, રીંગને ફેંકીને વસ્તુઓ મેળવવાની રમત, મેરી-ગો -રાઉન્ડ અને જાયન્ટ વ્હીલમાં ગોળ-ગોળ ફરવું, કઠપુતલીના ખેલ જોવા, ખાન - પાનના ગલ્લા પર લહેજત માણવી ... આ બધું તો શેં વિસરાય ?

બચપણ માણવા માટે શું કોઈ અવસર જોઈએ? જવાબ નકારમાં જ હોય, કારણ કે એ વય જ એવી અલ્લડ હોય છે. તહેવારોમાં તો ધમાલ મસ્તી જાણે આકાશને આંબતી !

હોળીનો દિવસ તો પાણી ભરેલા ફુગ્ગા બનાવવા -

ફેંકવામાં જ ક્યાંય પસાર થઈ જતો અને ધૂળેટીએ તો વહેલી સવારથી જ કાળોમેંશ, સિલ્વર ઓઈલ પેન્ટ, બીજા પાકા રંગના પેકેટો લઈને નીકળી જ પડવાનું ! જે સામો ભટકાયો તે રંગાયો જ સમજો ! રંગીન પાણીના પીપડા ભરી રાખેલા હોય અને જેવો કોઈ સમવયસ્ક દેખાય તો એકબીજાની મદદ લઈ, પેલાને ઊંચકીને પીપડામાં ઝબોળી જ દેવાનો!

ગણેશ ચતુર્થી કે નવરાત્રી આવે કે પંડાલમાં વારેઘડીએ જઈ દર્શનના બહાને સાકરીયા કે પેંડા આરોગી લેવાના. ક્યાંક કોઈક પંડાલમાં સિનેતારીકા કે કલાકાર આવવાનો હોય તો આડા અવળા કોઈ પણ માર્ગે તેને નિહાળવા અંદર ઘુસી જ જવાનું.

દિવાળીની તો વાતો નિરાળી. મમ્મી – પપ્પાએ નવા કપડાં સિવડાવી આપ્યા હોય તે પહેરીને વટ પાડવા બહાર નીકળવું અને મોડી રાત સુધી ફટાકડા ફોડતા તો ગાંડા – ઘેલા જ બની જઈએ.

હવે આવી નૂતન વર્ષની સવાર...! તો પુનઃ નવા કપડાં પહેરીને સહુ પ્રથમ માતા, પિતા, વડીલો વગેરેને પગે લાગી સાલમુબારક કરવાનું. બોણીના બે રૂપિયા મળે એટલે ખિસ્સામાં સેરવી આજુ – બાજુ, ઉપર – નીચે, પાસ – પડોશ દરેકના ઘરમાં જઈ સાલમુબારક કહી મીઠાઈ મોંઢામાં મૂકી સરકી જવાનું !

ખરૂં કહું ? આ લખતાં – લખતાં જાણે પુનઃ હું બાળપણની રંગીલી ગલીઓમાં સુખદ લટાર મારી આવ્યો ! પણ...હવે તે સુવર્ણ દિવસો શક્ય જ નથી, તે નિર્વિવાદ હકીકત છે.

અને છેલ્લે...

બાળપણની એ મસ્તી,<br>
ને યાદોનો ખજાનો હતો,<br>
ના કોઈ ચિંતા ના કોઈ રંજ,<br>
મસ્ત મધુર એ જમાનો હતો.

**– જ્ઞાનેશ જયચંદ લાપસિયા,**

**મુલુંડ ચેકનાકા**

**૯૯૨૦૫૧૩૪૯૩**

## વ્યવહારિકતા વિરૂદ્ધ રૂઢિચુસ્તતા
## ખારી માનીની પ્રથામાં બદલાવની જરૂર




જ્યારે કોઈ પરિવારમાં મૃત્યુનો પ્રસંગ બને છે, ત્યારે નજીકનાં સગા સંબંધીઓ અંતિમ દર્શન માટે દુરદુરથી આવતા હોય છે. સ્મશાન યાત્રા અને વિધી પતાવીને પાછા ફરતા ૨ થી ૩ કલાક જેટલો સમય વીતી જાય છે. દૂરથી આવેલા સગા–વ્હાલાઓને ઘરે પહોંચવામાં મોડું ન થાય અને તેઓ ભુખ્યા ન રહે, તે માટે મૃતકનો પરિવાર ખૂબ જ આગ્રહપુર્વક ખારી માની એટલે કે ભોજનની વ્યવસ્થા કરે છે.

પરંતુ આપણા સમાજનાં આજે પણ એક દુષણ જોવા મળે છે. ઘણા જુના વિચારો ધરાવતા લોકો એવું માને છે કે દિકરી કે અન્ય ચોક્કસ સંબંધીનાં ઘરે ખારી માનીનું ભોજન ન લેવાય. આવી રૂઢિચુસ્ત માન્યતાને હવે બંધ કરવાની જરૂર છે.

એક તરફ મૃતકનાં પરિવારે બધા માટે પ્રેમ અને આદરથી ખારી માની (ભોજન) બનાવી હોય છે, જે લોકો ન જમવાને કારણે ભોજન વેસ્ટ જાય છે. બીજી તરફ આજની દોડધામ ભરેલી જીંદગીમાં ઘણા વડીલો કે મહેમાનો કોઈને કોઈ બિમારીથી પીડતા હોય છે. જેમને સમયસર ભોજન કરીને દવાઓ લેવાની હોય છે, આ જુની માન્યતાના કારણે લોકો ઘરમાં ભોજન હોવા છતાં બહાર આજુબાજુની હોટેલોમાં ખાવા ચાલ્યા જાય છે, જે ખરેખર હાસ્યાસ્પદ અને દુઃખદ છે.

આજના સમયમાં જે લોકો પ્રેક્ટીકલ છે તેઓ પરિસ્થિતીને સમજીને સરસ રીતે એડજસ્ટ થઈ જાય છે. પરંતુ જુની પેઢીનાં વડીલો હજુ પણ આ બાબતે જીદ પકડી રાખે છે. આવી નકામી માન્યતાઓ કે પ્રથાઓને હવે આપણા સમાજમાંથી વહેલી તકે સમજણપુર્વક રદ કરવી જોઈએ. દુઃખના સમયે પરિવાર સાથે ઊભા રહીને તેમની ભાવનાનો સ્વીકાર કરવો, એજ સાચી માનવતા છે.

**– રાયચંદ દેવશી જીવાણી-જખૌ (ડોંબિવલી)**

**મો.: ૮૭૭૯૮૭૫૧૦૯**

આરોગ્ય પ્રકાશ

# આજકાલની લાઈફસ્ટાઈલ અને શરીરનું આંતરિક આરોગ્ય-૧

- **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



આજકાલ મોટા ભાગનાની લાઈફસ્ટાઈલ આરોગ્યને નુકશાનકારક થઈ ગઈ છે. મોડું ઉઠવું, કસરત ન કરવી, બેઠાડુ જીવન, ખાનપાનની અનિયમિતતા તેમજ અપૌષ્ટીક, બીન આરોગ્યદાયી ખોરાક, સ્ટ્રેસ-ટેન્શનવાળું જીવન, અસંતોષ, ઈર્ષ્યા, અદેખાઈ, નાની-નાની બાબતમાં ગુસ્સો, વ્યસન, મોબાઈલ, લેપટોપ, ટી.વી.નો વધુ પડતો ઉપયોગ, ધંધા કે નોકરી અર્થે સતત કલાકો સુધી બેસી રહેવું, રાતના મોડેથી જમવું, મોડે સુધી જાગવું, અશાંત અને ૬ કલાકથી ઓછી ઉંઘ વગેરે મોટાભાગના જીવનમાં સહજ થઈ ગયા છે. આવી લાઈફસ્ટાઈલની અસર આરોગ્ય પર શરૂમાં દેખાતી નથી પણ ધીરેધીરે અશક્તિ, ગેસ, ચક્કર આવવા, ભૂખ ન લાગવી, પાચન બગડવું, કબજીયાત વગેરે તકલીફોનો ડૉક્ટર પાસે ગયા વગર પણ ખ્યાલ આવે પણ હાઈ બી.પી., ડાયાબીટીઝ, કોલેસ્ટ્રોલ, ફેટી લીવર, થાયરોઈડ, ઓસ્ટીઓપોરોસીસ, વિટામીન B12, D કે અન્ય વિટામીન અને મિનરલ્સની ઉણપ, રક્તવાહિનીઓ કડક થઈ (Atheroscelerosis) અને તેમાં લોહીના ગઠ્ઠા જામવા. કીડની, લીવર વગેરે અવયવોની બિમારી ડોક્ટરી તપાસ કે ચેકીંગ વગર ખ્યાલ નથી આવતો. આપણે આ વિશે, વિગતવાર જોઈએ.

મોડા ઉઠીએ એટલે સવારની ક્રિયાઓ માટે સમય ઓછો પડે તેથી બધી ક્રિયાઓ ઝડપથી કરવી પડે. કસરત, આસન, પ્રાણાયામ વગેરે તો થાય જ નહીં. નાસ્તો ઝડપથી કરાય કે નાસ્તો પૂરો ન કરાય, અતિ જરૂરી સવારના કરવાનું કામ કે કોઈ ચીજવસ્તુ લેવાની ભૂલાય. આ સર્વથી સ્ટ્રેસ-ટેન્શન વધે તેને લીધે જ આરોગ્યને નુકશાનકારક 'કોર્ટિસોલ' નામનો હોર્મોન ઉત્પન્ન થાય જેનાથી ચિંતા-ફીકર, નિરાશા, બી.પી. વધે, વજન વધે. સતત સ્ટ્રેસથી પ્રતિકારશક્તિ ઘટે, ઈન્ફેક્શન જલ્દી લાગુ પડે અને બિમારીઓથી સાજા થતા પણ વાર લાગે. બેઠાડુ જીવનથી આળસ આવે, સુસ્તી વધે, શરીરમાં લોહીનું પરિભ્રમણ ઓછું થાય તેથી જ પ્રત્યેક અંગને પોષણ અને ઓક્સિજન ઓછું મળે, સાંધાઓમાં પ્રવાહી (Lubricant) સ્થિર રહેવાથી સાંધા જકડાય, સાંધા, સ્નાયુની લવચિકતા ધીરેધીરે ઓછી થાય, પાચન બરાબર ન થાય, મનોબળ નબળું થાય, પ્રતિકાર શક્તિ ઘટે, કબજીયાત થાય, દિવસે ઝોકા આવે અને રાત્રે ગાઢ ઉંઘ ન આવે, વગેરે જેવી ઘણી આરોગ્યને નુકશાનકારક તકલીફો થાય. ઘરના કામકાજમાં ઉઠબેસ કરવાથી, ચાલવાથી, કસરત, આસન, પ્રાણાયામ કરવાથી આ બધી તકલીફને બદલે ઘણા આરોગ્યદાયી ફાયદા થાય. થોડા વહેલા ઉઠી, શાંતિથી બધા નિત્યક્રમ પતાવી થોડી કસરત-ખાસ કરીને જે બિમારી હોય તેને માટે ઉપયોગી કસરત કરીએ. યોગાસન પ્રાણાયામ કરીએ. ફક્ત ચાલવું એ આજકાલની લાઈફસ્ટાઈલમાં પુરતું નથી.

મોટા ભાગના લોકો દાંત સાફ કરવા ટૂથપેસ્ટ વાપરે છે જેમાં કેમિકલ્સ, પ્રીઝરવેટીવ જેવી નુકશાનકારક ચીજો હોય છે તે મોઢાની અંદરની ત્વચા વડે શોષાય જે આરોગ્યને નુકશાન પહોંચાડે છે, ઉપરાંત દાંતમાં સડો થાય છે જે ઈન્ફેક્શનના જંતુ શરીરમાં લોહી દ્વારા જઈ સાંધાને, હૃદયને નુકશાન કરી શકે છે. ફૂલાવેલી ફટકડીનો પાવડર, મીઠું મેળવેલ પાવડરમાં થોડા રાઈના તેલના ટીપા નાખી (આ ત્રણે એન્ટીસેપ્ટીક છે) દાંત ઘસવાથી દાંતનો સડો થશે જ નહીં તેમજ નુકશાનકારક કેમિકલ્સથી દૂર રહેવાશે. નાસ્તામાં બજારુ પેકેટ્સની ચીજો ખાવાથી એમાં રહેલ વધુ સાકર, વધુ મીઠું, રિફાઈન્ડ કે પામતેલ, કેમિકલ્સ પ્રીઝરવેટીવ્સ આરોગ્યને ગંભીર હાનિ પહોંચાડે છે. બેકરી આઈટમો જેમાં મેંદો, પામોલીવ, મટનટેલો, કેમિકલ, પ્રીઝરવેટીવ્સ હોય છે. થેલીમાં મળતા દૂધમાં પણ

જાતજાતના કેમિકલો ઉમેરાય છે. રિફાઈન્ડ તેલથી બનાવેલ ઘરના ખાદ્ય હૃદયરોગ અને બીજી બિમારીઓ આપે છે. બજારુ પેકેટ પર લખેલું હોય છે કે નેચરલ, ઓર્ગેનીક કે 'નો મેદા, નો પામોલીન' આ વાંચીને ગ્રાહક છેતરાય છે પણ એની અંદર હાઈ-ફેટ, હાઈ-સુગર હોય છે. હેલ્ધી ઈન્સ્ટન્ટ ઓટ્સ કે રાગી નુડલ્સ હોય એટલે હેલ્ધી જ હોય તેમ માનવું નહિં. બારીક અક્ષરે લખાયેલ શબ્દો વાંચીએ નહીં તો ગ્રાહકને ખ્યાલ પણ ન આવે કે રિફાઈન્ડ, પામ ઓઈલ, માઈક્રોડેક્ટ્રીન અને ગોળના ગળપણ ધરાવતા થીકનર્સથી પ્રોસેસ કરેલ, પુષ્કળ સોડિયમ ધરાવતા આ પેકેટ આરોગ્યને ફાયદાને બદલે નુકશાનકારક હોય છે જે વિવિધ બિમારીઓ કે કેન્સર પણ આપી જાય છે.

કામધંધા, સ્કુલ-કોલેજ માટે બહાર નીકળીએ એટલે હવાના પ્રદુષણને લીધે કાર્બન ડાયોક્સાઈડ, ઝેરી ગેસો, કેમિકલ્સ, એસબેસટોઝના પાર્ટીકલ્સ વગેરે ફેફસામાં જઈ ખાંસી બ્રોન્કાઈટીઝ, દમ જેવી ફેફસાની તકલીફ ઉપરાંત અન્ય તકલીફો થઈ શકે. આજે મોટા શહેરોમાં પ્રદુષણ ખૂબ વધી ગયું છે. શક્ય હોય ત્યાં માસ્ક વાપરો, પ્રતિકાર શક્તિ વધારો, પ્રાણાયામ કરો.

કોમ્પ્યુટર, લેપટોપ પર કામ કરનાર કે સતત બેસીને કામ કરનારે શક્ય હોય ત્યારે અડધા પોણા કલાકે ઉઠીને થોડું પણ ચાલવું, આરોગ્યદાયી થશે. ઘરમાં ટીવી જોતાં કે વાંચતા સતત બેસી ન રહેતા વચ્ચે વચ્ચે સહેજ ઉઠીને એકાદ આંટો મારી લેવો. સતત બેસવાથી આપણને ખ્યાલ પણ ન હોય એવી આરોગ્ય પર અસર થાય છે. (વધુ વિગત માટે 'ઓછું બેસો વધુ જીવો' પ્રકાશ સમીક્ષા ૩૦.૫.૨૧).

પહેલા આપણે બાજરીના રોટલા, છાસ, શાક, અથાણા સાથે ખાતાં હતાં હવે મોટા ભાગે ઘઉંની રોટલી-ભાત નિયમીત ખવાય છે. ઘઉં-ચોખાની ગ્લાયસેમીક ઈન્ડેક્ષ વધુ છે જે શરીરમાં ઝડપથી સાકરનું પ્રમાણ વધારે છે જેને લીધે જ ધીરેધીરે વિવિધ બિમારીઓ લાગુ પડે છે. ઉપરાંત રસાયણીક ખાતરથી ઉગાડેલ પેસ્ટીસાઈડ્ઝ છાંટેલા, પ્રોસેસ કરેલા અનાજ, શાકભાજી, ફળો ખાઈએ છીએ. પ્રોસેસ કરેલ અનાજમાંથી પોષક તત્ત્વોનો નાશ થાય, ફાયબર નીકળી જાય. પરિણામે જાડાપણું, હાઈ બીપી, ડાયાબીટીઝ, હૃદયરોગ જેવી બિમારીઓ થઈ શકે. કેમિકલથી બનાવેલ દૂધમાંથી બનેલ દહીં પણ જોઈએ તેટલી આરોગ્યને ફાયદાકારી હોતી નથી. બારેમાસ જાળવી રાખવા અથાણાં મીઠું-તેલ સાકર વધુ વપરાય છે અને બહારના પેકેટ્સ-બોટલ્સમાં મળતા અથાણા કેમિકલ્સ અને પ્રીઝરવેટીવયુક્ત હોતાં આરોગ્યને વધુ નુકશાનકારક છે. સાંજે વડીલો પ્રોટીન, કાર્બોહાઈટ્રેડ અને ચરબી મળી રહે તેવી ખીચડી રોજ પસંદ કરતાં પણ હવે ખીચડી ખાસ પસંદ નથી. જીભને ગમે તેવી ચટપટી વાનગીઓ જ વધુ પડતી ખાવાની ગમે છે. પાઉંભાજી, પીઝા એવી અમુક વાનગી સાથે યુવાનો કોલ્ડ ડ્રીન્કસ પસંદ કરે તેમજ ફંક્શનમાં ભારે જમણ પછી આઈસ્ક્રીમ ખવાય. આ ઠંડી વસ્તુઓ પાચનને વધુ મંદ કરે છે, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીઝ, ફેટીલીવર, ટ્રાયગ્લીસરાઈડ વધારે, જાડાપણું લાવે. સાંજે બને તેટલું જલ્દી જમવું, હળવો ખોરાક લેવો, ઉણોદરી પાળો, જમીને સતપાવલી કરો (થોડું ચાલો). જરૂર હોય તો જમણ પછી હુંફાળું સૂપ પીવો. આ સર્વ કાળજીથી બિમારીથી બચાવ થશે.

(ક્રમશ)

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.


Sonal ART

**સોનલ આર્ટ**
**(થાણા)**
**શાંતિભાઈ : 99678 41792**

બટકસબ, મોચી ટાંકો, કચ્છી ભરત, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે.

**સાચી જરીના ઘરચોળા સારા ભાવે વેંચી આપવામાં આવશે**
**સાડીઓ ઑલ્ટર કરી આપવામાં આવશે**

**'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪**

સાંસ્કૃતિક વારસો

# આપણો સાંસ્કૃતિક વારસો
# પખાવાજ ભાગ ૫



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

**ચોથી ચોસર (રાત્રે ૩ થી ૫ સુધી)**

છેલ્લી ચોસર સામાન્ય રીતે પ્રભાતિયાની રહેતી. રાત્રિના અંધકારમાંથી પ્રભાત તરફ લઈ જતાં આ સ્તવનોમાં જાગૃતિ, વૈરાગ્ય અને આત્મકલ્યાણનો ભાવ ઝળકતો. જેમ જેમ સૂર્યોદય નજીક આવતો તેમ તેમ ગીતોની પસંદગી અને સ્વરરચના પણ વધુ શાંત, મધુર અને પ્રભાતમય બનતી. પ્રભાતિયાં માત્ર સ્તવનો નહોતાં, પરંતુ આત્માને પ્રમાદમાંથી જાગૃત કરવાની સંગીતમય સાધના હતાં.

આ ચોસરમાં

- જાગો મારા પ્યારા પ્રાણી,
- સોવે સોવે સારી ,
- ઉઠો ઊઠો રે મારા આતમ રામ,
- પ્રભાતે પૂજું પારસ પ્રભુને,
- જિનવર નામ સ્મરો, પ્રભાત ભયું હવે જાગો રે
- ચાર માંગલિક આજ ઘરે નાથજી પધાર્યા.

રાત ધીમે ધીમે પૂર્ણ થવા આવે... અંધકાર ઓસરવા લાગે.. એ સમયે પ્રભાતિયાની શરૂઆત થતી.આ પદોમાં આત્મજાગૃતિ, પ્રભુસ્મરણ અને આંતરિક પ્રકાશનો ભાવ રહેલો હોય છે. જૈન ભક્તિ-સંગીતમાં પ્રભાતિયા માત્ર ગાન નથી, પરંતુ પખાવાજની મંગલ શરૂઆત પણ છે. પ્રભાતના શાંત અને પવિત્ર વાતાવરણમાં પખાવાજના મધુર તાલ સાથે ગવાતા પ્રભાતિયા ભક્તિ, આનંદ અને ઉત્સાહનો સંચાર કરે છે. ''પ્રભાતિયું એ દિવસનું મંગલ દ્વાર છે, અને પખાવાજ તેનો ભાવભર્યો નાદ.'' પ્રભાતનું નીરવ એકાંત, પ્રભાતિયામાં રસાયલો ઝૂલણાનો મધુર લય અને રાતભરના આરામથી થયેલું પ્રફુલ્લિત મન સાધના માટે અત્યંત સાનુકૂળ બની રહે છે. તેથી પ્રભાતિયાં મળસ્કેથી ગાવાનો રિવાજ પડયો હોવો જોઈએ.

રાત્રિનો અંતિમ પ્રહર સૌથી વિશિષ્ટ ગણાતો. હવે ભક્તિ ધીમે ધીમે પ્રભાત તરફ આગળ વધતી. પ્રભાતનું નીરવ વાતાવરણ અને ઝૂલણાના મધુર લયમાં ગવાતા આવા સ્તવનો હૃદયને વિશેષ સ્પર્શતા. રાત ધીમે ધીમે પૂર્ણ થવા આવે. અંધકાર ઓસરવા લાગે. એ સમયે પ્રભાતિયાની શરૂઆત થતી. આ પદોમાં આત્મજાગૃતિ, પ્રભુસ્મરણ અને આંતરિક પ્રકાશનો ભાવ રહેલો હોય છે. પ્રભાતિયાનું મુખ્ય કાર્ય આત્માને જગાડવાનું છે.

મળસ્કે ત્રણ-ચાર વાગ્યા પછીનો સમય પ્રભાતિયાં માટે અનામત માનવામાં આવતો. આ સમયગાળામાં ગવાતા ગીતોનો હેતુ માત્ર મનોરંજન નહોતો. તે જાગૃતિનો સંદેશ આપતા. રાત્રિની નિંદ્રામાંથી જાગવાની સાથે સાથે આત્મજાગૃતિનો પણ સંદેશ આપવામાં આવતો. ગુજરાતમાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં જાણીતા છે, પરંતુ જૈન પરંપરામાં પણ પ્રભાતિયાંનો સમૃદ્ધ ખજાનો રહ્યો છે. આવા સ્તવનો માણસને પોતાના જીવન વિશે વિચારવા પ્રેરતા.

આખી રાત વીતી ગઈ, જીવન પણ આવી જ રીતે વીતતું જાય છે - એવો વૈરાગ્યમય સંદેશ તેમાં છુપાયેલો રહેતો. પ્રભાતિયા રાત પૂરી નથી કરતાં, જીવનની નવી શરૂઆત કરાવે છે. આ સમય દરમિયાન ગવાતા સ્તવનો સાંભળીને જાણે અંતરાત્મા જાગી ઊઠે.

**ગોડી - પ્રભાતનો મંગલ રાગ**

પ્રભાતિયાં પછી ગોડીનાં પદો ગવાતા. ગોડીનો સંબંધ પ્રભાત અને વહેલી સવારના સમય સાથે માનવામાં આવે છે. રાત્રિનો અંત અને પ્રભાતની શરૂઆત દર્શાવતો ભાવ તેમાં હોય છે. ગોડીના પદોમાં જાગૃતિ, પ્રભુસ્મરણ, વૈરાગ્ય અને આત્મચિંતન મુખ્ય વિષય હોય છે. કેટલાક ગ્રંથોમાં તેને પૂર્વી ગોડી તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તે પૂર્વ દિશામાં ફેલાતા પ્રભાતના પ્રકાશ સાથે સંકળાયેલી માનવામાં આવે છે. જૈન પરંપરામાં પખાવાજની છેલ્લી ચોસર પછી અથવા પ્રભાતના સમયગાળા દરમિયાન ગોડીનાં પદો ગાવાની પ્રથા હતી.

ગોડીનાં પદોમાં સામાન્ય રીતે આવા સંદેશ જોવા મળે:

- હવે જાગો, પ્રમાદ છોડો...

- પ્રભુનું સ્મરણ કરો...
- આત્મકલ્યાણનો માર્ગ અપનાવો...
- પ્રભાત ભયો રે, પ્રભુ ગુણ ગાવો...
- ઊઠ મનવા, અરિહંત સ્મરો...

પ્રભાતિયા અને ગોડી વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે પ્રભાતિયા રાત્રિથી પ્રભાત તરફ લઈ જાય છે, જ્યારે ગોડી ઉગતા પ્રભાતના પ્રકાશમાં ગવાતી જાગૃતિ અને મંગલભાવની રચનાઓ છે. એવી માન્યતા કે ''પ્રભાતિયા આત્માને જગાડે છે, જ્યારે ગોડી પ્રભાતના પ્રકાશમાં તેને પ્રભુચિંતનમાં સ્થિર કરે છે.''

પ્રથમ ચોસર મનને વૈરાગ્ય તરફ લઈ જતી, બીજી ચોસર પ્રભુભક્તિમાં લીન કરતી, ત્રીજી ચોસર આત્માનંદ અને આધ્યાત્મિક ઉત્સવનો અનુભવ કરાવતી અને અંતિમ ચોસર આત્મજાગૃતિ તરફ દોરી જતી. આ રીતે પખાવાજની એક રાત જાણે સંસારથી મુક્તિ તરફની પ્રતીકાત્મક યાત્રા બની જતી. એક જ ઢાળના અનેક સ્તવનો સળંગ ગાઈને ભક્તિરસનો અખંડ પ્રવાહ જાળવવામાં આવતો. તેથી આખી રાતનું પખાવાજ એક સંગીતમય આધ્યાત્મિક યાત્રા બની જતું.

આજે પખાવાજના કાર્યક્રમો તો થાય છે, પરંતુ ચોસરની સંપૂર્ણ પરંપરા બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. સમયની અછત, બદલાતી જીવનશૈલી અને પરંપરાગત તાલીમના અભાવે ઘણા જૂના રાગ, ઢાળો અને ગાનપદ્ધતિઓ ધીમે ધીમે વિસ્મૃતિમાં જતી રહી છે. તેમ છતાં જ્યાં જ્યાં જૂની પેઢીના ગાયકો અને વાદકો જીવંત છે, ત્યાં ત્યાં આ પરંપરાના અમૂલ્ય અંશો હજુ બચેલા છે. આ વારસાનું સંકલન અને દસ્તાવેજીકરણ કરવું આજની સૌથી મોટી જરૂરિયાત છે. કારણ કે ચોસર, પ્રભાતિયા અને ગોડી માત્ર સંસ્તવન નથી; તે આપણા સમાજની ભક્તિ, શિસ્ત અને સાંસ્કૃતિક પરિપક્વતાનું જીવંત પ્રતિબિંબ છે. વારસો ત્યારે જ જીવંત રહે છે જ્યારે તે યાદોમાં નહીં, પરંતુ વ્યવહારમાં જીવતો રહે. પખાવાજ માત્ર ગીતોની પરંપરા નથી; તે જૈન સમાજની સંગીતમય આધ્યાત્મિક સંસ્કૃતિનો અણમોલ ખજાનો છે.

આજે આપણે થોડા વધુ વડીલ પખાવાજીઓને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ, જેમણે આ અમૂલ્ય વારસાને જીવંત રાખીને નવી પેઢી સુધી પહોંચાડ્યોઃ

**વરાડિયા :** લખમશી નરશી મોમાયા, પિતાંબર લધાભાઈ ડાઘા, વેલજી ડોશાભાઈ ડાઘા, પદમશી દામજી મોમાયા અને દામજી જેઠાભાઈ દંડ ગામના અગ્રણી કલાકારોમાં ગણાય છે. પેટીવાજામાં શા. પદમશી વિસનજી મોમાયાનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. તેમના પુત્ર મણિલાલ પદમશી મોમાયા સુગમ ગાયક તરીકે જાણીતા હતા, જ્યારે શા. દામજી પદમશી મોમાયા (૧૯૩૮-૨૦૧૫) પખાવાજ ગીતોના ગાયક તેમજ કુશળ તબલાવાદક તરીકે પ્રસિદ્ધ થયા.

**નલિયા :** શિવજી દેવસી મઢડાવાલા, હિરજી કાનજી-નલિયા (ભોલો પીર), હિરજી દેવજી સો. નાગડા , મુલજી રતનસી માલસી નાગડા, ખેતસી જેઠાભાઇ, જીવરાજ દેવજી નરસી લાપસીયા, ડુંગરસી શામજી હિરજી ખોના  દામજી રામજી મૈશેરી, પાસુભાઈ પુનસી દેવસી લોડાયા,   સુંદરજી ખેતસી વીરજી મોતા, કુંવરજી ગોવિંદજી દેવજી ખોના, સોમચંદ જેઠાભાઇ વેલજી લોડાયા, ગોવિંદજી પુનશી દેવસી લોડાયા, જેઠાભાઇ લખમસી લોડાયા, ભાગચંદ કાનજી ધરમસી (જૈન), લક્ષ્મીચંદ પુનસી ગોવિંદજી નાગડા, લખમસી વેલજી રાયસી મોતા, લહેરચંદ ધનજી છેડા, તેજપાલ ધારસી નાગડા (કવિ તેજ), પદમસી લખમસી ટોકરસી નાગડા, મહેન્દ્ર ટોકરસી દેવજી નાગડા, ભવાનજી ચાંપસી તેજપાલ લોડાયા, પારસ લખમસી ખોના.

**જખૌ :** ઉમરસી ટોકરસી મૈશેરી (બુધિયાબાપા), હિરજી નેણસી નાગડા, શામજી વિશનજી મોમાયા, સોમચંદ શામજી મોમાયા(પેટી), લાલજી નેણસી મોમાયા (તબલા), નવીનચંદ  માલસી નાગડા, મણિલાલ માલસી નાગડા, વિરચંદ માલસી નાગડા, હીરાચંદ લક્ષ્મીચંદ (ભગત), વેલજી શામજી સોની, વિશનજી શામજી સોની, વેરસી ખીમજી જીવાણી, નવીન વેલજી મૈશેરી,

**બાંડીયા :** ખીમજી રાયશી  લોડાયા, સોમચંદ વીશનજી ધુલ્લા, ગુલાબ લાલજી લાલકા, વાલજી નરશી લોડાયા, શીવજી સામંત મૈશેરી, શામજી હિરજી ધુલ્લા, તલક જીવરાજ લોડાયા, નવીન રાયસી લોડાયા,  વિરચંદ લાલજી લાલકા,  નવીન આણંદજી  લોડાયા, ભવાનજી ગો. મૈશેરી.

(ક્રમશઃ)

**Life Power**

# મૃત્યુ પહેલાંની સૌથી મોટી ભેટ –ડેથ ક્લીનિંગની સંસ્કૃતિ



**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.

**આ અંકમાં અંગ્રેજી કોલમ લાઈફ પાવરમાં પ્રકાશિત અલ્પાબેન ધરમશીનો લેખ ખુબજ માહિતીપ્રદ અને વિચારણીય છે. તેનો ગુજરાતી અનુવાદ અહીં પ્રકાશિત છે જે વાચકોને જરૂર ગમશે. – હીરાચંદ દંડ**

આપણે જીવનભર કમાઈએ છીએ, ભેગું કરીએ છીએ અને સાચવીએ છીએ. ઘર, ઘરેણાં, દસ્તાવેજો, ફોટોગ્રાફ્સ, પુસ્તકો, સ્મૃતિચિહ્નો અને અસંખ્ય યાદો દરેક વસ્તુ સાથે કોઈને કોઈ લાગણી જોડાયેલી હોય છે. પરંતુ ક્યારેય આપણે વિચાર્યું છે કે આપણા પછી આ બધાનું શું થશે?

સ્વીડનની એક સુંદર જીવનપદ્ધતિ છે ''ડોસ્ટેડનિંગ (Death cleaning)''. નામ ભલે મૃત્યુ સાથે જોડાયેલું લાગે, પરંતુ તેનો મૂળ ભાવ જીવનને વધુ સુંદર અને જવાબદાર બનાવવાનો છે. આ મૃત્યુની રાહ જોવાની વાત નથી; આ તો જીવન જીવવાની એક પરિપક્વ અને સંવેદનશીલ રીત છે.

મૃત્યુ પછી પરિવારજનો પહેલેથી જ વિયોગના દુઃખમાં હોય છે. તે સમયે વર્ષોથી ભેગી થયેલી વસ્તુઓ, કાગળો અને સામાનને ગોઠવવાની જવાબદારી તેમના માટે વધારાનો માનસિક બોજ બની જાય છે. દરેક વસ્તુ વિશે નિર્ણય લેવો પડે છે રાખવી કે આપવી, વેચવી કે દાન કરવી? ઘણી વખત આ પ્રક્રિયા સંબંધોમાં મતભેદ પણ ઊભા કરે છે.

ડેથ ક્લીનિંગ આપણને કહે છે કે આ જવાબદારી આપણે જીવતા જ નિભાવી દઈએ. જે વસ્તુઓ હવે ઉપયોગમાં નથી, તેને જરૂરિયાતમંદોને અર્પણ કરીએ. કિંમતી વસ્તુઓ કોને આપવી છે તે આપણે જાતે નક્કી કરીએ. મહત્વના દસ્તાવેજો એક જ જગ્યાએ ગોઠવીએ. પરિવારને તેની જાણ કરીએ. આમ કરવાથી માત્ર ઘર હળવું બનતું નથી, મન પણ હળવું બને છે.

વસ્તુઓ કરતાં યાદો વધુ કિંમતી હોય છે. એક દાદા પોતાના પૌત્રને ઘડિયાળ આપતાં તેની પાછળની વાર્તા કહે, માતા પોતાની દીકરીને સાડી સાથે લાગણીઓની ભેટ આપે અથવા પિતા પોતાના સંતાનો માટે જીવનમૂલ્યો લખીને જાય આ વારસો કોઈ સંપત્તિ કરતાં અનેકગણો સમૃદ્ધ હોય છે.

આપણી ભારતીય સંસ્કૃતિ પણ અપરિગ્રહ, દાન અને ત્યાગનું મહત્ત્વ શીખવે છે. ખાસ કરીને જૈન દર્શનમાં અપરિગ્રહ જીવનનું મહાન વ્રત ગણાય છે. જરૂરિયાત કરતાં વધુ સંગ્રહ ન કરવો અને સમય આવ્યે આસક્તિ છોડવી આ વિચાર ડેથ ક્લીનિંગના મૂળ તત્ત્વ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાય છે.

ડેથ ક્લીનિંગ વૃદ્ધાવસ્થાની બાબત નથી. જીવનની કોઈપણ ઉંમરે તેનો આરંભ થઈ શકે. કારણ કે આવતીકાલનું વચન કોઈને મળેલું નથી. જીવન અનિશ્ચિત છે, પરંતુ આપણી તૈયારી ચોક્કસ હોઈ શકે.

આપણે સંતાનો માટે માત્ર મિલકત જ નહીં, પરંતુ સારા સંસ્કારો, પ્રેમ, પ્રામાણિકતા, કરુણા અને જીવનના મૂલ્યો પણ વારસામાં છોડીએ. તેઓને બોક્સો નહીં, પરંતુ આશીર્વાદ મળે; ભાર નહીં, પરંતુ સ્મિત આપતી યાદો મળે.

અંતે માણસની ઓળખ તેની સંપત્તિથી થતી નથી; તેના સદાચાર, સેવા, પ્રેમ અને માનવતાથી થાય છે.

ચાલો, આજે જ એક નાનકડું પગલું ભરીએ. બિનજરૂરી વસ્તુઓ છોડીએ, સંબંધોને વધુ ગાઢ બનાવીએ અને જીવનને વધુ અર્થપૂર્ણ બનાવીએ. કદાચ એ જ આપણા જીવનની અંતિમ અને સૌથી સુંદર ભેટ સાબિત થશે.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

# સ્વાધ્યાય

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



કલ્પના કરો કે એક મુસાફર પોતાના જીવનની સર્વાધિક મહત્ત્વપૂર્ણ યાત્રા પર નીકળ્યો છે. તેની પાસે અત્યંત વૈભવી વાહન છે, શક્તિશાળી એન્જિન છે, પરંતુ છતાં તે વારંવાર ખોટા રસ્તે વળી જાય છે, અંધ ગલીઓમાં પહોંચી જાય છે અને પોતાની મંઝિલથી  વધુ ને વધુ દૂર જતો રહે છે. આવું કેમ બને છે? કારણ કે તેની પાસે વિશ્વસનીય માર્ગદર્શન નથી.

આ મુસાફર એટલે જીવાત્મા.

આ યાત્રા છે સંસારી સ્વરૂપમાંથી પોતાના શાશ્વત આત્મસ્વરૂપ તરફની; અજ્ઞાનમાંથી જ્ઞાન તરફની; બંધનમાંથી મુક્તિ તરફની.

માનવજન્મ તે આ પવિત્ર યાત્રા માટે પ્રાપ્ત થયેલું અમૂલ્ય વાહન છે. અસંખ્ય યોનિઓમાં માત્ર મનુષ્યભવ જ એવો છે જેમાં જીવને પોતાના પુરુષાર્થ દ્વારા આધ્યાત્મિક ઉત્થાનનો માર્ગ જાગૃતપણે પસંદ કરવાની અનોખી તક મળે છે.

બુદ્ધિ આ વાહનનું એન્જિન છે. તે આપણને વિચારવાની, તર્ક કરવાની, વિશ્લેષણ કરવાની અને યોગ્ય-અયોગ્યનો નિર્ણય લેવાની શક્તિ આપે છે. પરંતુ જો યોગ્ય દિશાનું માર્ગદર્શન ન હોય, તો આ જ શક્તિશાળી એન્જિન આપણને ખોટા ગંતવ્ય સુધી વધુ ઝડપથી પહોંચાડી શકે.

શાસ્ત્રો આ આધ્યાત્મિક અભિયાનનું જીપીએસ (GPS) છે. તીર્થંકર ભગવંતોએ દર્શાવેલા આ શાશ્વત માર્ગદર્શક નકશા માત્ર કયા રસ્તાથી દૂર રહેવું તે જ નથી બતાવતા, પરંતુ આત્માની પરમ મંજિલ સુધી પહોંચવાનો નિશ્ચિત અને સુરક્ષિત માર્ગ પણ દર્શાવે છે. જીવનના પ્રત્યેક માર્ગ મુખે તેઓ આપણું માર્ગદર્શન કરે છે; ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને મોહ જેવા કષાયોથી સર્જાતા ભટકાવોથી સાવચેત કરે છે અને સમતા, આત્મજાગૃતિ તથા મુક્તિના માર્ગ તરફ પ્રેમપૂર્વક દોરી જાય છે.

પરંતુ માત્ર જીપીએસ ઉપલબ્ધ હોવું પૂરતું નથી. તેની સાથે જોડાણ કરવું પડે, તેના નિર્દેશો લેવા પડે અને તેના બતાવેલા માર્ગે ચાલવું પડે.

એ જ છે સ્વાધ્યાય.

સ્વાધ્યાય એટલે શાસ્ત્રોનું દૈનિક વાંચન, મનન અને નિદિધ્યાસન. તે આપણા વર્તમાન સ્થાન અને આખરી મંઝિલવ વચ્ચેનો જીવંત સેતુ છે. તે સહુ પ્રથમ આપણને બતાવે છે કે આપણે આધ્યાત્મિક રીતે આજે ક્યાં ઊભા છીએ આપણા અંતરમાં હજુ કેટલો રાગ, અહંકાર, અજ્ઞાન અને કષાયો બાકી છે અને પછી ધીમે ધીમે બતાવે છે કે હવે આગળનું પગલું કઈ દિશામાં ભરવું.

જેમ મુસાફર કોઈ વળાંક ચૂકી જાય ત્યારે જીપીએસ તરત જ નવો માર્ગ શોધી આપે છે, તેમ સ્વાધ્યાય પણ આપણા અંતરનો દિશાસૂચક બની આપણને સતત સુધારતો રહે છે. જ્યારે પણ આપણે ક્રોધ, લોભ, માન, મોહ કે મૂંઝવણને કારણે સાચા માર્ગથી વિમુખ થઈએ છીએ, ત્યારે સ્વાધ્યાય આપણને ફરી જિનેશ્વર ભગવંતોના દિવ્ય જ્ઞાન સાથે જોડે છે અને આત્માની અંતરયાત્રાના સાચા માર્ગ પર પાછા લાવે છે. પરિણામે જીવનનો દરેક દિવસ આત્માની ઘરવાપસી તરફનું એક અર્થપૂર્ણ સોપાન બની જાય છે.

માટે જ સ્વાધ્યાય માત્ર ધાર્મિક ગ્રંથોનું વાંચન નથી. તે આત્માની વર્તમાન અવસ્થાને તેના પરમ લક્ષ્ય સાથે જોડતો જીવંત સેતુ છે. તે દિશાહીન ભટકતા મુસાફરને જાગૃત તીર્થયાત્રીમાં રૂપાંતરિત કરે છે અને સુનિશ્ચિત કરે છે કે માનવજીવનનું આ અમૂલ્ય વાહન પોતાના સાચા ગંતવ્ય આત્મસાક્ષાત્કાર અને અંતે મોક્ષ સુધી સફળતાપૂર્વક પહોંચે.

|| શત્રુંજય તીર્થમંડન શ્રી ઋષભદેવાય નમો નમઃ ||

# ચાલો શત્રુંજય જઈએ
# ગિરિ ભેટી પાવન થઈએ



દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.,
જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આજ્ઞા-આશિષ : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા : જ્યોતિષાચાર્ય, મંત્રપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ઋષભદેવ પ્રભુ જયાં પૂર્વ ૯૯ વાર પધાર્યા એવી પરમ પવિત્ર ભૂમિ
અનંતા આત્માઓ જ્યાં સિધ્ધ થયા એવી પાવન મોક્ષ ભૂમિ
ભવ્યત્વને Fix કરી આપે એવી ભવ્યતમ ભવ્યભૂમિ......

## અજોડ શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ની
## ગણિ-ઉપાધ્યાય-આચાર્યપદ પ્રાપ્તિની પાવન ભૂમિ એટલે શ્રી શત્રુંજય મહાતીર્થે...



**નિશ્રા સામ્રાજ્ય**
અજોડ શાસનપ્રભાવક,
૨૬ માં વર્ષીતપના તપસમ્રાટ,
સૂરિમંત્રસાધક પ.પૂ.આ.ભ.
**શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**
તથા
પ.પૂ. મુનિરાજ
**શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.**

## ભવ્યાતિભવ્ય શ્રી શત્રુંજય 99 યાત્રા

| ૯૯ યાત્રા આરંભ | ૯૯ યાત્રા પૂર્ણાહુતિ |
|---|---|
| 7th Dec. 2026 Monday | 24rd Jan. 2027 Sunday |

Age Limit : 15 to 55 Years

સ્થળ : જંબુદ્વીપ ધર્મશાળા , તળેટી, પાલીતાણા

**શ્રી શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા પૂર્ણ કરશે, તેઓને
શ્રી સમેતશિખરજીની યાત્રા નિઃશુલ્ક કરાવવામાં આવશે.**





શત્રુંજય ૯૯ યાત્રાના પુણ્યવંત લાભાર્થી

## શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા
## પરિવાર (જખૌ-બેંગલોર)

સંપર્ક : કિર્તીભાઈ હરીયા (શેરડી-ભાંડુપ) - 98673 76399
જવેરબેન દેઢિયા (કોટડા રોહા-મુલુંડ) - 98704 21309

આયોજક : સહભાવ ફાઉન્ડેશન

## આત્મકલ્યાણકર ગિરિરાજ ૯૯ યાત્રા ફોર્મ

નામ : ........................................................................ ઉંમર : ..........
ગામ : ........................................ હાલે : ........................................
એડ્રેસ : ........................................................................................
........................................................................................
વિશેષ નંબર : ........................................ વોટસએપ નંબર : ........................................

ફોટો

૧) ફોર્મ સાથે પાસપોર્ટ સાઇઝના બે ફોટા તથા આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી.
૨) રૂા. ૧,૦૦૦/– રિફંડેબલ ડીપોઝીટ ફોર્મ સાથે આપવાના રહેશે. યાત્રિકોને પાલીતાણામાં ૯૯ કર્યા બાદ રૂા. ૧,૦૦૦/– રિફંડ આપી દેવામાં આવશે.
૩) યાત્રિકોએ તા. ૪/૫ ડિસેંબર ૨૦૨૬ ના આવી જવાનું રહેશે. તા. ૨૫–૧–૨૦૨૭ રીટર્ન ટીકીટ કઢાવી લેવાની રહેશે.
૪) આયોજકની બુકીંગ તા. ૪ ડિસેંબર થી તા. ૨૫ જાન્યુઆરી સુધીની છે.
૫) રોજીંદી દવાઓ લેતા હો તો સાથે લઈ આવવી, તંદુરસ્તીની જવાબદારી તમારી પોતાની રહેશે.
૬) તાળું, ચાવી, બેટરી સાથે લઈ આવવી. આવવા તથા જવાની ટિકીટો પોતાની રીતે કઢાવવાની રહેશે.
૭) ૯૯ યાત્રાના નિયમો બંધનકર્તા રહેશે. એકાસણુ ફરજીયાત રહેશે. અગર બીજો કોઈ તપ હશે અને બિયાસણા કરવાનું હશે તો તેની વ્યવસ્થા કરી આપવામાં આવશે.
૮) અચલગચ્છની પરંપરા મુજબ આરાધના કરવાની રહેશે.



॥ ગિરનાર તીર્થના હૃદયસમ્રાટ શ્રી નેમિનાથાય નમો નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્રસાગરસૂરિભ્યો નમઃ ॥
તપોભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થે
તપસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનો
ભવ્યાતિભવ્ય, જાજરમાન ચાતુર્માસ પ્રવેશોત્સવ...
સંપૂર્ણ ચાતુર્માસના પુણ્યવંત લાભાર્થી
શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા
પરિવાર (જખૌ-બેંગલોર)
આયોજક : સહભાવ પરિવાર



|| ગિરનાર તીર્થના હૃદયસમ્રાટ શ્રી નેમિનાથાય નમો નમઃ ||
|| શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્રસાગરસૂરિભ્યો નમઃ ||
તપોભૂમિ શ્રી ગિરનાર મહાતીર્થે
તપસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનો
ભવ્યાતિભવ્ય, જાજરમાન ચાતુર્માસ પ્રવેશોત્સવ...
સંપૂર્ણ ચાતુર્માસના પુણ્યવંત લાભાર્થી
શ્રીમતી ગીતાબેન પરેશભાઈ લોડાયા
પરિવાર (જખૌ-બેંગલોર)
આયોજક : સહભાવ પરિવાર



# શ્રી સચ્ચામા દંડ પરિવાર, સેવક ભરૂડીયા

## કુળદેવી શ્રી સચ્ચામા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૯ જૂન, ૨૦૨૬ અને ૨૦ જૂન, ૨૦૨૬






















||શ્રી જાહેરપીર દાદાને નમઃ||		||શ્રી સચ્ચા માતાય નમઃ||		||શ્રી આદિનાથ દાદાને નમઃ||

# શ્રી સચ્ચામા દંડ પરિવાર, સેવક ભરૂડીયા

## કુળદેવી શ્રી સચ્ચામા પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૯ જૂન, ૨૦૨૬ અને ૨૦ જૂન, ૨૦૨૬

જય માતાજી,

